<u>આંક–૧ ના ચાર્જશીટ લગત હુકમ</u>

કેસ પેપર્સ વંચાણે લીધા, આરોપી સામેના આક્ષેપો જોતાં આ કેસ સમન્સ ટ્રાયબલ પ્રકારનો કેસ છે, પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઇ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી, નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના પત્ર જાવક નંબર–એફ.નં.એલ/૨૩/૨૦૧૪ નાલસા, તારીખ ૨૦–૦૮–૨૦૧૪માં આપેલ ગાઇડલાઇન ધ્યાનમાં લેતા અદાલતમાં પડી રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ–૨૫૮ અન્વયે નિકાલ કરવા સુચના અપાયેલ છે, તેના અનુસંધાને અત્રેની કોર્ટે તેવા ડેડવુડ કેસો આઇડેન્ટીફાય કરી તે અંગે પબ્લિક પ્રોસીકયુટરના અભિપ્રાય મેળવેલ છે. પ્રસ્તુત કેસ ઘણો જુનો છે જેથી હવે આ કેસમાં ઇન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવાત ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઇફેકટીવ ફોજદારી કેસની ઇન્સાફી કાર્યવાહીમાં પુરતુ ધ્યાન આપી શકાતુ નથી, તે સંજોગોમાં ઇફેકટીવ ફોજદારી કેસની ઇન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચિત્ત જણાય છે, આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીંઝર કોડની કલમ ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઇન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

સદર કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ની જોગવાઇ મુજબ સ્ટોપ કરી

આરોપીને છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો. જો મુદ્દામાલ રકમ હોય તો તે સરકારશ્રી ખાતે જમા કરવો.મુદ્દામાલનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ વાહન હોય તો તપાસનીશ પોલીસ અધિકારીશ્રીએ મુળ માલિકની ખાત્રી કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી

હુકમ આજરોજ તા.13–07–2019 ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ 13/07/2019
વડો દરા.

**(Rajeev Indersen Chopra)**
**Judicial Magistrate F.C.**
**1st Court, Vadodara.GJ00765**